તાપમાન

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૩૯.૦° સે. | ૨૯.૦° સે. |
| બારડોલી | ૩૭.૦° સે. | ૨૮.૦° સે. |
| ભરૂચ | ૪૧.૦° સે. | ૨૯.૦° સે. |
| વ્યારા | ૩૭.૦° સે. | ૨૮.૦° સે. |

## શામપુરા ગામમાં દીપડો ઘરની પાછળથી કૂતરાને ખેંચી ગયો

**કૂતરાના** શિકારથી લોકોમાં ફફડાટ, સમગ્ર ઘટના CCTVમાં કેદ

કામરેજ: કામરેજના શામપુરા ગામના ભાથીજી ફળિયા વિસ્તારમાં મોડી રાત્રે દીપડાએ ઘરના પાછળના વાડામાં ઘૂસી કૂતરાનો શિકાર કર્યો હતો. આ સમગ્ર ઘટના ઘરમાં લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરામાં કેદ થતાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

શામપુરા ગામના ભાથીજી ફળિયામાં મોડી રાત્રે આશરે ૧૨:૩૫ વાગ્યે દિનેશભાઈ રાઠોડના ઘરના વાડામાં પ્રવેશી, ત્યાં હાજર કૂતરા પર હુમલો કરી તેનું મારણ કર્યું હતું. દીપડો કૂતરાને ઢસડી જતો હોવાનાં દૃશ્યો સીસીટીવીમાં કેદ થતાં સમગ્ર પંથકમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. છેલ્લા કેટલાક સમયથી દીપડાના આંટાફેરાને પગલે ગ્રામજનોમાં ભયનો માહોલ છે. ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમે દોડી આવી સ્થળની મુલાકાત લીધી હતી. હાલ દીપડાને વહેલી તકે પાંજરે પૂરવા માટે વન વિભાગ દ્વારા મારણ સાથે પાંજરું ગોઠવી તેની હિલચાલ પર વોચ રાખવામાં આવી રહી છે.

## ચેક રિટર્ન કેસમાં ફરાર આરોપી મહુવાથી ઝડપાયો

પલસાણા: ચેક રિટર્ન થવાના ગુનામાં સજા ફટકાર્યા બાદ એક વર્ષથી નાસતા-ફરતા આરોપીને સુરત જિલ્લા પોલીસે બાતમીના આધારે મહુવા ખાતેથી ઝડપી લીધો છે.

નવસારી કોર્ટે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ આરોપી હર્ષવકુમાર રણજીતભાઈ પટેલ (ઉં.વ.૩૨) (રહે.,ફૂલવાડી સુખલા ફળિયા, તા.મહુવા)ને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી. સાથે જ ફરિયાદીને ચેકની રકમ ૩,૦૨,૪૩૨ અને વળતરના ૭૦,૦૦૦ ચૂકવવાનો હુકમ કર્યો હતો. હાલ પોલીસે આરોપીને જેલ હવાલે કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

# પાઈપલાઈન નાંખ્યા બાદ બારડોલી પાલિકા ડામર કામ કરવાનું ભૂલી ગઈ!

**ધૂળની** ડમરી ઊડતાં દુકાનદારો પરેશાન

**ડામરની** કામગીરી ન કરવામાં આવે તો ચોમાસામાં લોકો પરેશાન થઈ જશે



બારડોલી: બારડોલીના સ્ટેશન રોડ પર થોડા દિવસ પૂર્વે પાણીની પાઈપલાઈન નાંખવા માટે ખોદકામ કરવામાં આવ્યું હતું. રોડની સાઈડે આખા રોડ પર થયેલા ખોદકામ બાદ હવે ત્યાં ડામર પાથરવામાં નહીં આવતાં ચોમાસાની સિઝનમાં કીચડ થવાની સંભાવના છે. અધિકારીઓ ધ્યાન આપતા ન હોય ત્યારે નવા ચુંટાયેલા શાસકો પ્રજાની સમસ્યા પર વિશેષ ધ્યાન આપી કામગીરી કરાવે તે જરૂરી બની ગયું છે.

આ અંગે મળતી માહિતી અનુસાર થોડા સમય પહેલા બારડોલી નગરપાલિકાના સ્ટેશન રોડ ઉપરાંત શ્રી શ્રી રવિશંકર માર્ગની એક સાઈડ પર બુલડોઝરથી ખોદકામ કરી પાઈપલાઈન નાંખવામાં આવી હતી. આ ખોદકામની કામગીરી તો તુરંત પૂર્ણ કરી દેવામાં આવી, પરંતુ ખોદકામને કારણે રસ્તાને થયેલા નુકસાનનું સમારકામ કરવામાં ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યા છે. હવે ચોમાસુ નજીક છે. ત્યારે સ્ટેશનથી જલારામ મંદિર તરફ આખા ટ્રેક પર માટી ફેલાયેલી છે. જેને કારણે ધૂળની ડમરી ઊડી રહી છે. આ ઉપરાંત દુકાનદારો પણ આ ધૂળને કારણે હેરાન થઈ રહ્યા છે. કેટલીક જગ્યાએ યોગ્ય પુરાણ કરવામાં આવ્યું ન હોય વાહન પાર્કિંગમાં પણ મુશ્કેલી થઈ રહી છે. હવે ચોમાસુ નજીક છે ત્યારે રોડ પર ડામરની કામગીરી ન કરવામાં આવે તો આખો માર્ગ કીચડવાળો બની જવાની સંભાવના છે. પાલિકા દ્વારા વહેલી તકે ડામર પાથરવાની કામગીરી કરવામાં આવે તેવી માંગ થઈ રહી છે.

## મૃતક દીકરાના બાકી પગારના પૈસા માંગવા ગયેલા પરિવારને ધમકી

**નાની** નરોલીમાં આદિવાસી પરિવારને જાતિવિષયક અપશબ્દો કહી ધમકી આપતાં બે સામે ગુનો દાખલ

વાંકલ:માંગરોળના નાની નરોલી ગામે રહેતા એક આદિવાસી પરિવારના મૃતક દીકરાના બાકી નીકળતા પગારના હિસાબના પૈસા માંગવા બાબતે ગામના જ બે ઈસમે વૃદ્ધા અને તેમની પુત્રવધૂને જાતિ વિષયક અપશબ્દો કહી ગાળાગાળી કરી તેમજ ટ્રક નીચે કચડીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ અંગે ભોગ બનનાર મહિલાએ માંગરોળ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

નાની નરોલી ગામના મોગલાણી ફળિયામાં રહેતા અને મજૂરીકામ કરતા ૬૦ વર્ષીય મનુબેન ચંપકભાઈ વસાવા (અનુસૂચિત જનજાતિ)ના દીકરા હસમુખભાઇ વર્ષ-૨૦૧૭થી ૨૦૨૫ સુધી ગામના જ સોયબ અબુબકર ભોરાતના ટ્રક પર ડ્રાઈવર તરીકે નોકરી કરતા હતા. નોકરી દરમિયાન માસિક ૧૨,૦૦૦ રૂપિયા પગાર નક્કી થયો હતો, જેમાંથી ૬,૦૦૦ રૂપિયા તેમને વાપરવા મળતા અને બાકીના ૬,૦૦૦ રૂપિયા શેઠ પાસે બચત તરીકે જમા રહેતા હતા. ગત વર્ષ-૨૦૨૫માં હસમુખભાઈનું બીમારીના કારણે અવસાન થયું હતું. દીકરાના મોતના પગલે પરિવાર આર્થિક સંકટમાં મુકાતા, પરિવારજનો અવારનવાર સોયબ ભોરાત પાસે જમા થયેલા બચતના પૈસાની માંગણી કરતા હતા, પરંતુ શેઠ વાયદાઓ કરી પૈસા ચૂકવતા નહોતા. ગત તારીખ ૧૮/૦૫/૨૦૨૬ના રોજ રાત્રે આશરે આઠ વાગ્યાની આસપાસ ફરિયાદી મનુબેન તથા તેમની પુત્રવધૂ સુધાબેન બંને આરોપી સોયબ અબુબકર ભોરાતના ઘરે બાકી નીકળતા પૈસાનો હિસાબ કરવા માટે ગયા હતા. જ્યાં ફરિયાદીએ પૈસાની માંગણી કરતા જ સોયબ ભોરાત અને તેના દીકરા સરફરાઝ સોયબ ભોરાતે બંનેએ એકદમ ઉશ્કેરાઈ ગાળો આપવા સાથે જાતિવિષયક અપશબ્દો કહ્યા હતા. ઉપરાંત ધમકી આપી હતી કે, જો પોલીસ કેસ કરશો તો મારી પાસે ત્રણ ટ્રક છે, માથે ચડાવીને જાનથી મારી નાંખીશ. આ ઘટનાથી ડરી ગયેલા સાસુ-વહુ ત્યાંથી પરત ફર્યાં હતાં અને ગામના સરપંચ રૂપસિંગભાઈ સુપડભાઈ વસાવા તથા અગ્રણીઓ સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ, આખરે મનુબેન વસાવાએ માંગરોલ પોલીસ સ્ટેશને પહોંચી બંને આરોપી સોયબ અબુબકર ભોરાત અને સરફરાઝ સોયબ ભોરાત વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ તથા જાનથી મારી નાંખવાની ધમકી આપવા બદલ ફરિયાદ નોંધાવી હતી.

## આમલીડાબડામાં આતંક મચાવનાર અઢી વર્ષની દીપડી પાંજરે પુરાઈ ગઇ

**ગ્રામજનોને** હાશકારો, દીપડીને જોવા ગ્રામજનો ઊમટી પડ્યા



વિનોદ મૈસુરીયા

વાંકલ: ઉમરપાડાના આમલીડાબડા ગામે છેલ્લા કેટલાક સમયથી આતંક મચાવનાર અઢી વર્ષની દીપડી આખરે વન વિભાગના પાંજરે પુરાઈ છે. આ દીપડી પકડાતાં જ સ્થાનિક ગ્રામજનો સહિત વન વિભાગની ટીમે મોટી રાહત અનુભવી છે.

આમલીડાબડા ગામે નદીપાર વિસ્તારમાં રહેતા પશુપાલક બીપીન વસાવાની ઘર નજીક બાંધેલી ગાયનું દીપડાએ મારણ કર્યું હતું. વસતીની નજીક આવીને દીપડાએ ગાયનો શિકાર કરતાં સમગ્ર ગામમાં ભારે દહેશત અને ફફડાટનો માહોલ ફેલાઈ ગયો હતો. ઘટનાની ગંભીરતાને નજરમાં રાખીને વન વિભાગ તાત્કાલિક એલર્ટ બન્યો હતો અને દીપડાને વહેલી તકે નાથવા માટે કવાયત હાથ ધરી હતી.

વન વિભાગના આર.એફ.ઓ. જબ્બર ખોખારની ટીમ દ્વારા દીપડાને પકડવા માટે ગાયના મારણવાળી જગ્યાએ જ વ્યુહાત્મક રીતે પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. લોહી ચાખી ગયેલી આ દીપડી ફરીથી શિકારની શોધમાં એ જ સ્થાને આવી પહોંચી હતી. જ્યાં મારણ ખાવાની લ્હાયમાં તે વન વિભાગના પાંજરામાં કેદ થઈ ગઈ હતી. ભૂતકાળમાં આ જ ગામમાં આ દીપડાએ એક સ્થાનિક ખેડૂત તેમજ વન વિભાગની રેસ્ક્યુ ટીમ પર પણ જીવલેણ હુમલો કર્યો હતો. જેથી આ દીપડાને પકડવો વન વિભાગ માટે મોટો પડકાર હતો. દીપડી પાંજરે પુરાતાં જ ગ્રામજનોએ ભયમાંથી મુક્તિ મેળવી વન વિભાગનો આભાર માન્યો હતો. વન વિભાગની ટીમે દીપડીનો કબજો મેળવી તેને સુરક્ષિત રીતે ઝંખવાવ રેસ્ક્યુ સેન્ટર ખાતે ખસેડવામાં આવી છે. વન વિભાગ દ્વારા દીપડીને જંગલમાં છોડવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

## હલધરુમાં તમાકુ-પાનમસાલાના જથ્થા સાથે બે ઝડપાયા

પલસાણા: સુરત જિલ્લા એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી. એ સમયે ખાનગી રાહે બાતમી મળી હતી કે, એક સેવ્રોલેટ એન્જોય કાર નંબર એમએચ 05 સીવી 3579નો ચાલક તેના કબ્જાની કારમાં બિલ વગરનો તમાકુ પાન મસાલાનો માતબર જથ્થો ભરી હલધરુથી સર્વોત્તમ હોટલ થઈ મહારાષ્ટ્ર તરફ જનાર છે.

જે બાતમીના આધારે એલસીબી અને પેરોલ ફર્લો શાખાના પોલીસ માણસો સાથે હલધરુ ગામની હદમાં નાકાબંધી કરી વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમી મુજબની કાર આવતાં જ તેને રોકી ચાલક અને સાથે બેસેલા એક શખ્સની અટકાયત કરી કારમાં તલાશી લેતાં અંદરથી પાનમસાલા તથા તમાકુનો જથ્થો મળી આવ્યો હતો. ચાલક પાસે બિલના પુરાવા માંગતા મળી આવ્યા ન હતા. તેમજ આ જથ્થો મહારાષ્ટ્રમાં સપ્લાય કરવા માટે લઈ જતાં હોવાનું કબૂલ્યું હતું. પોલીસે કાર ચાલક વિનોદકુમાર લાલબહાદુર સિંગ (ઉં.વ.55) (રહે., ટૂંગાગામ, અંધેરી ઈસ્ટ, મુંબઈ, મૂળ રહે.,પ્રતાપગઢ, ઉત્તરપ્રદેશ) અને સાથે બેસેલ સૂરજ મદનલાલ અરોરા (ઉં.વ.32) (રહે.,ગાવદેવી મંદિર, મુંબઈ)ની ધરપકડ કરી હતી. પોલીસે કારમાંથી 2,13,943 રૂપિયાના પાનમસાલા, બે મોબાઈલ ફોન કિં.રૂ.10 હજાર, કાર કિં.રૂ.2 લાખ અને રોકડા રૂ.600 મળી કુલ 4,23,543નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે બંને આરોપી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અરેઠ નજીક હાઈવા ટ્રકે બાઈકને ટક્કર મારતાં આધેડનું મોત

**પત્નીનો** આબાદ બચાવ, બારમાની વિધિમાં જતી વેળા અકસ્માત સર્જાયો



હિતેશ પટેલ

માંડવી: અરેઠ-અંત્રોલી મુખ્ય માર્ગ પર ગુરુવારે સવારે સર્જાયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં એક આધેડનું મોત નીપજતાં ગામમાં શોકની છવાયો હતો. જ્યારે અકસ્માતમાં તેમની પત્નીનો આબાદ બચાવ થયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ અરેઠ ગામના નવા ફળિયા વિસ્તારમાં રહેતા જ્યોતિન્દ્રભાઈ નશવાનભાઈ ચૌધરી (ઉં.વ.47) તેમની પત્ની સુનિતાબેન સાથે હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટરસાઈકલ નં.(GJ-19-AS-8785) પર કોલાકુઈ ગામે સંબંધીએ રાખેલા બારમાની વિધિમાં હાજરી આપવા જઈ રહ્યા હતા. દરમિયાન અરેઠથી અંત્રોલી તરફ જતા મુખ્ય માર્ગ પર નવા ફળિયા નજીક સામેથી આવી રહેલી ટાટા કંપનીની હાઈવા ટ્રક નં.(GJ-19-Z-6118)ના ચાલકે ટ્રકને પૂરઝડપે હંકારી બાઈકને ટક્કર મારતાં ગંભીર રીતે બાઈક સવાર દંપતી રોડ પર પટકાયું હતું, જેમાં જ્યોતિન્દ્રભાઈને ગંભીર ઈજા સાથે તાત્કાલિક અરેઠ સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તપાસ બાદ જ્યોતિન્દ્રભાઈને મૃત જાહેર કર્યા હતા. આ અકસ્માતમાં સુનિતાબેનનો ચમત્કારિક બચાવ થયો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે સુનિતાબેને અરેઠ પોલીસ મથકે હાઈવા ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## બલેશ્વર પાટિયા પાસે અજાણ્યા વાહનની ટક્કરે બાઈક ચાલકનું મોત

પલસાણા: સુરતના મગદલ્લા ખાતે રહેતા અને કન્સ્ટ્રક્શન સાઈટ પર સુપરવાઈઝર તરીકે નોકરી કરતા 49 વર્ષીય દેવા બાબુલાલ ઠાકુર ગત 25 મેના રોજ સવારે કંપનીની સ્પ્લેન્ડર મોટરસાઈકલ નં.(GJ-05-KN-7125) લઈને સાકી ગામ સાઈટ પર જવા નીકળ્યા હતા. તે દરમિયાન બલેશ્વર ગામની સીમમાં કોઈ અજાણ્યા વાહને તેમની બાઈકને સાઈડમાંથી ટક્કર મારી હતી. અકસ્માત સર્જીને અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઈને ઘટના સ્થળેથી નાસી છૂટ્યો હતો. અકસ્માતને પગલે ઘવાયેલા દેવા ઠાકુરને પલસાણા સરકારી હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે સુરતની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન 27 મેના રોજ મોડી રાત્રે તેમનું મોત નીપજ્યું હતું.

## બગુમરા ગામે અચાનક બેહોશ થઈ ઢળી પડતાં યુવકનું મોત

પલસાણા: મૂળ બિહારના રોહતાસના વતની અને હાલ પલસાણાના કારેલી ગામે આરાધના પ્લેટીનમમાં રહેતા રંજનકુમાર રામજી સીંગ (ઉં.વ.૩૨) ગત તા. ૨૭/૫/૨૦૨૬ના રોજ બપોરે આશરે સાડા ત્રણ વાગ્યે બગુમરા નહેર પાસે આવેલા પતરાના શેડ નીચે ટેબલ પર બેઠા હતા. દરમિયાન તેઓ અચાનક બેહોશ થઈ ટેબલ પરથી નીચે ઢળી પડ્યા હતા. તેમને તાત્કાલિક સારવાર અર્થે ચલથાણની સંજીવની હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે સાંજે ૫:૩૦ કલાકે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે પલસાણા પોલીસે અકસ્માત મોત ગુનો નોંધી આગળની તપાસ એ.એસ.આઈ. મિતાલીબેન હરીશકુમારને સોંપી છે.

## વાંકલાના યુવકનો મોબાઈલ હેક કરી અજાણ્યા શખ્સે 46 હજાર સેરવી લીધા!

**અજાણી** એપ્લિકેશન પર ‘Yes’ બટન ક્લિક કરતાં મોબાઇલ હેક થઈ ગયો

વ્યારા: ડોલવણના વાંકલા ગામના અને કડોદરા ખાતે એમ્બ્રોડરી કામ કરતા મિતુલકુમાર ગામીત (ઉં.વ.૩૦) સાથે ઓનલાઈન છેતરપિંડીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

ગત ૧૩ મેના રોજ મિત્ર સાથે વાતચીત દરમિયાન તેમનો મોબાઈલ અચાનક બંધ થઈ ગયો હતો. ફોન રી-સ્ટાર્ટ કરતી વખતે એક અજાણી એપ્લિકેશન પર ‘Yes’ બટન ક્લિક કરતાં જ તેમનો મોબાઈલ હેક થઈ ગયો હતો. ત્યારબાદ ગૂગલ પે ઓપન ન થતાં, ૧૫ મેના રોજ તેમણે બેંક ઓફ બરોડામાં તપાસ કરી હતી. બેંક સ્ટેટમેન્ટ કઢાવતા જાણવા મળ્યું કે કોઈ અજાણ્યા શખ્સે UPI મારફતે તેમના ખાતામાંથી ૪૬,૦૦૦ ટ્રાન્સફર કરી લીધા હતા. આ અંગે ભોગ બનનાર યુવકે ડોલવણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વાગરા તા.પં.માં મહિલા પ્રમુખ જયશ્રીબા રણાનું રાજીનામું

ભરૂચ: વાગરા તાલુકા પંચાયતની 18માંથી 15 બેઠકો પર ભાજપને મળેલી ઐતિહાસિક સફળતા બાદ પ્રમુખ પદની રેસમાં સ્થાનિક રાજકારણ ગરમાયું છે. તમામ સભ્યોએ સર્વસંમતિથી પહાજનાં વિકુંજબેન સિંધાને પ્રમુખ બનાવવા માટે સૂર વ્યક્ત કર્યો હતો, પરંતુ મેન્ડેટ આવતાં જયશ્રીબા પુષ્કરસિંહ રણાનું નામ આવતાં જ તેમને પ્રમુખ બનાવવામાં આવ્યાં હતાં. આ નિર્ણય સાથે જ વાગરા પંથકમાં ચહલપહલ મચી ગઈ છે. પ્રમુખ બનેલાં જયશ્રીબા રણાના પતિ પુષ્કરસિંહ રણાએ સોશિયલ મીડિયા પર પત્ની રાજીનામું આપશે તેવી પોસ્ટ કરી હતી, તો બીજી તરફ વિકુંજબેનના પતિ જીતેન્દ્રસિંહ સિંધાને સમર્થકો તરફથી શુભેચ્છા સાથે આવકારવામાં આવ્યા હતા. સ્થાનિક નેતાઓના જણાવ્યા અનુસાર આખો મામલો પ્રદેશ સ્તરે પહોંચી ગયો છે અને ત્યાંથી જ નિર્ણય લેવાશે. ઉલ્લેખનીય છે કે જીતેન્દ્રસિંહ સિંધાનાં પિતા સ્વ. પ્રતાપસિંહ સિંધા લગભગ એક દાયકા સુધી તાલુકા પંચાયતના પ્રમુખ રહી ચૂક્યા છે, જેના કારણે આ પરિવાર રાજકારણમાં અતૂટ નાતો છે. દહેજના અગ્રણી પુષ્કરસિંહ રણાએ જણાવ્યું હતું કે, ધારાસભ્ય અરુણસિંહ રણાની હાજરીમાં નિખાલસતાથી જિતેન્દ્રસિંહ સિંધાનાં પત્ની અને અમારા બેનબાને પ્રમુખ બનાવવા માટે રાજીખુશીથી મારી પત્નીએ પ્રમુખ પદેથી રાજીનામું આપી દીધું છે.”

જીતેન્દ્રસિંહ સિંધાએ જણાવ્યું હતું કે, “ઓમકારસિંહ, પ્રદીપસિંહ, પુષ્કરસિંહ, ધર્મેન્દ્રસિંહ રણા સહિતની ટીમે મને પ્રમુખ માટે સહકાર આપવાનું વચન આપ્યું હતું. ભરૂચ ખાતે ધારાસભ્યના નિવાસસ્થાને બોલાવી ગેરસમજ દૂર કરી સમગ્ર ટીમે મારું માન વધાર્યું છે. આ સમર્પણની ભાવના માટે હું હંમેશાં ઋણી રહીશ.”

## સંક્ષિપ્ત સમાચાર

### માંડવી નગરમાં કોમી એખલાસભર્યા માહોલમાં બકરી ઈદની ઉજવણી કરવામાં આવી



હિતેશ પટેલ

માંડવી: માંડવી નગરમાં મુસ્લિમ સમાજ દ્વારા પવિત્ર તહેવાર ઈદ-ઉલ-અઝહા (બકરી ઈદ)ની પરંપરાગત ઉત્સાહભેર ઉજવણી કરાઈ હતી. આ અવસરે માંડવી સ્થિત ઈદગાહ ખાતે સવારની વિશેષ નમાઝ અદા કરવા માટે મુસ્લિમ બિરાદરો મોટી સંખ્યામાં ઊમટી પડ્યા હતા. આ પ્રસંગે મોલાના અહમદ સાહેબ, સિનિયર એડવોકેટ ઐયુબ પઠાણ, અનીશ મિર્ઝા, યાકીબભાઈ,અંજુમ સૈયદ, ઝાકીરભાઈ કાજી, સલીમ કાજી, કાસીમભાઈ મેમણ તથા રફીકભાઈ મામલતદાર સહિતના મુસ્લિમ સમાજના અનેક અગ્રણીઓ અને મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

### કડોદરા પ્રિયંકા પુલ પાસે શ્રમિકનું મોત

પલસાણા: કડોદરા જીઆઈડીસી પોલીસ મથક હદના પ્રિયંકા પુલ પાસેથી મૂળ બિહારના ૪૮ વર્ષીય શ્રમિક પ્રવીણકુમાર નથની રામનો મૃતદેહ મળી આવ્યો હતો. તેઓ પરિવારથી અલગ થઈ એકલવાયું અને રખડતું જીવન જીવતા હતા. ૨૭ મેના રોજ અગમ્ય બીમારીને કારણે તેમનું મોત નીપજ્યું હતું. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### પલસાણાના અંત્રોલીમાં ઘાયલ હાલતમાં મળેલા અજાણ્યા પ્રૌઢનું સારવાર દરમિયાન મોત

પલસાણા: કડોદરા GIDC પોલીસ મથકની હદમાં આવેલા અંત્રોલી ગામ, ભથવારી હોટલ પાસેથી ગત ૯ મેના રોજ એક અજાણ્યા પુરુષ (ઉંમર વર્ષ આશરે ૪૦થી ૪૫) બીમાર હાલતમાં મળી આવ્યા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને સુરતની સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યાં ENT વોર્ડમાં સારવાર દરમિયાન ગત ૨૭ મેના રોજ સવારે ૬:૩૦ વાગ્યે ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

### સાંધીએરમાં સમર યોગા કેમ્પ યોજાયો

સાયણ: ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, ગાંધીનગર દ્વારા સાંધીએર ગામે આવેલ શ્રી સાંઈબાબા મંદિરનાં પરિસરમાં નિ:શુલ્ક સમર યોગા કેમ્પ યોજાયો હતો. આ પ્રસંગે નવનિયુક્ત ઓલપાડ તા.વિ. અધિકારી બીપીન નંદાણીયાએ જણાવ્યું હતું કે, બાળકો સહિત આપણા સૌના આરોગ્યની તંદુરસ્તી માટે રોજ યોગા કરવા ખૂબ જરૂરી છે. આ નિ:શુલ્ક સમર યોગ કેમ્પમાં બાળકોને પ્રશિક્ષિત યોગ શિક્ષકો અને કોચ ભાવનાબેન રાણા દ્વારા યોગ, પ્રાણાયામ, ધ્યાનની તાલીમ સાથે સંસ્કારોનું સિંચન કરવામાં આવનાર છે, જે કાર્ય અભિનંદનને પાત્ર છે. આ પ્રસંગે શ્રી સાંઈ મંદિરના પ્રમુખ પ્રકાશભાઈ દેસાઈ, ટ્રસ્ટી અશોકભાઈ દેસાઈ, જયંતીભાઈ પટેલ, તાલુકા યોગા ઝોન કો.ઓર્ડિનેટર નવનીત સેલડિયા સહિત અગ્રણીઓ હાજર રહ્યા હતા.

### કામરેજના શેખપુરમાં મોબાઈલની દુકાનમાં દારૂ પીતા ત્રણ નબીરાનો વિડીયો વાઈરલ

કામરેજ: કામરેજના શેખપુરમાં આવેલી શિવદર્શન રેસિડન્સીના એપાર્ટમેન્ટમાં આવેલી યદુવંશી મોબાઈલની દુકાનમાં ત્રણ ઈસમ દારૂ પીતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં કામરેજ પોલીસ દુકાન પર રેડ કરતાં રમેશ ભરત યાદવ (ઉં.વ.31) (રહે.,મકાન નંબર 91, હરિદર્શન સોસાયટી ડી વિભાગ, મૂળ રહે.,વસિષ્ઠનગર, જિ.બલીયા, ઉત્તરપ્રદેશ), દીપક પ્રહલાદ ભાર્ગવ (ઉં.વ.33) (મકાન નંબર-37, શિવદર્શન રેસિડન્સી, શેખપુર, મૂળ રહે.,રતનગઢ, જિ.ચરૂ, રાજસ્થાન), બંટી રમેશ રાવલ (ઉં.વ.33) (મકાન નં.117, હરિદર્શન સોસાયટી, શેખપુર, કામરેજ, મૂળ રહે.,સિરોહી, જિ.દેવઘર, રાજસ્થાન) ત્રણેય યુવક દારૂના નશામાં હોવાથી કેસ કરી કામરેજ રેફરલ હોસ્પિટલ ખાતે મેડિકલ કરાવી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કેળકુઈની દિવ્યલતા ચૌધરીએ સમાજશાસ્ત્રમાં PHDની પદવી મેળવી




વ્યારા: વ્યારાના કેળકૂઈ ગામની દિવ્યલતાબેન રણજીતભાઈ ચૌધરીએ પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી આદિવાસી સમાજનું ગૌરવ વધાર્યું છે. દિવ્યલતાનું સંશોધન ‘ચૌધરી આદિવાસી જાતિનો સમાજશાસ્ત્રીય અભ્યાસ’ પર આધારિત હતું. આદિવાસી સમાજના સામાજિક બંધારણ, સંસ્કૃતિ, શિક્ષણ અને પડકારોને તેમણે વિગતવાર રજૂ કર્યા છે. શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરાએ આ સંશોધનને માન્ય રાખીને તેમને પીએચ.ડી.ની ઉપાધિ એનાયત કરી છે. દિવ્યલતાબેને જણાવ્યું કે, મારું પીએચ.ડી. માત્ર વ્યક્તિગત સિદ્ધિ નથી, પરંતુ સમગ્ર ચૌધરી આદિવાસી સમાજના શિક્ષણ અને પ્રગતિ તરફનું એક નવું પગલું છે.’

### પાસોદરાના યુવાનના ખાતામાંથી બારોબાર રૂ.1.57 લાખ ઉપડી જતાં પોલીસ ફરિયાદ

કામરેજ: મૂળ અમરેલીના લાઠી તાલુકાના આંબરડીના વતની અને હાલ પાસોદરાના ક્રિષ્ના રો હાઉસમાં મકાન નં,81માં કિંજલ પ્રફુલ ગજેરા રહે છે. ચાર વર્ષથી ઓલ્ડ શક્તિવિજય સોસાયટી, વરાછા રોડ ખાતે એસ.પી. ટ્રેડિંગની દુકાન ચલાવે છે. દુકાનમાં કાપડના દોરા વેચે છે. ગત તા.6થી એપ્રિલના રોજ આઈસીસીઆઈ બેંકના એટીએમમાં કામરેજ ખાતે રૂપિયા ઉપાડવા જતાં રૂપિયા ન નીકળતાં બ્રાન્ચમાં તપાસ કરતાં બેંકે ખાતાનું ટ્રાન્ઝેક્શન આપ્યું, જેમાં જોતાં તા.31-3-26ના રોજ રૂ.94,000 તેમજ 1-4-26ના રોજ રૂ.63,000 મળી કુલ રૂ.1,57,000 ઉપડી ગયા હતા. બાદ મોબાઈલ ચેક કરતાં મોબાઈલમાં ગૂગલ વિડીયો કરીને એપ્લિકેશન ડાઉનલોડ કરી હતી. જે એપ્લિકેશન દ્વારા છેતરપિંડી થઈ હતી. આ અંગે કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

### કામરેજના હલધરુમાં રહેતી તરુણી ગુમ

કામરેજ: કામરેજના હલધરુ ગામે રહેતા અને મિલમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતા રાજસ્થાની પરિવારની ૧૬ વર્ષીય પુત્રી ભેદી સંજોગોમાં ગુમ થઈ છે. કડોદરા ખાતે ડિઝાઈનિંગનો કોર્સ કરતી સગીરાને તેનો ભાઈ હલધરુ પાટિયા સુધી બાઈક પર મૂકી આવ્યો હતો, જ્યાંથી તે રિક્ષામાં બેસીને નીકળી હતી. જો કે, તે એકેડમી પહોંચી ન હતી. શોધખોળ છતાં ભાળ ન મળતાં પિતાએ કામરેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

### પલસાણામાં હાઇવા ડમ્પર મિક્સર મશીન પાછળ અથડાતાં ચાલકનું મોત

પલસાણા: પલસાણા તાલુકામાંથી પસાર થતા નેશનલ હાઇવે 48 પર ગત ૨૭ મેની રાત્રે પલસાણા ચોકડી ઓવરબ્રિજ પર નવસારીથી સુરત તરફ જઈ રહેલું એક હાઇવા ડમ્પર નં.(GJ 19 X 2727) આગળ ચાલતા ગડર મિક્સર મશીન ન.(GJ 05 SP 2436) પાછળ ધડાકાભેર અથડાયું હતું. અકસ્માત એટલો ભયાવહ હતો કે ડમ્પરના કેબિનનો ભુક્કો બોલી ગયો હતો. આ દુર્ઘટનામાં ગંભીર ઇજાઓ થવાના કારણે ડમ્પર ચાલક 50 વર્ષીય પ્રભુલાલ કછરીયાજી (રહે.,રાજસ્થાન)નું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ પલસાણા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને ક્રેઇનની મદદથી કેબિનમાં ફસાયેલા મૃતદેહને બહાર કાઢી વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો. આ અંગે કતારગામ, ડભોલી વણઝારા વાસ ખાતે રહેતા બચુજી વણઝારાએ ફરિયાદ નોંધાવતા PSI એન.એન.ગામીતે વધુ તપાસ હાથ ધરી છે.